## સુવર્ણ ચંદ્રક મેળવનાર વિદ્યાર્થીઓ માટેના નિયમોની ભલામણ સમિતિ નીચે પ્રમાણે કરે છે.

૧. તમામ ફેકલ્ટીના વિવિધ રેગ્યુલર અભ્યાસક્રમોમાં ગોલ્ડમેડલ મળવાપાત્ર થશે. બાહય અભ્યાસક્રમમાં ગોલ્ડમેડલ મળવા પાત્ર થશે નહિ. દાતાશ્રી નહી હોય એ સ્થિતિમાં યુનિવર્સિટી સ્વભંડોળમાંથી ગોલ્ડમેડલ આપશે.

૨. હિન્દી, ગુજરાતી, સમાજશાસ્ત્ર વગેરે વિષયવાર ગોલ્ડ મેડલ દાતાશ્રી હોય એ જ સ્થિતિમાં મળવાપાત્ર થશે, યુનિવર્સિટી તરફથી આપવામાં નહી આવે. તેમાં વિદ્યાર્થીએ ઓછામાં ઓછા યુનિવર્સિટી પરીક્ષામાં ૬૦% મેળવવાના રહેશે.

૩. પ્રથમ ક્રમ નકકી કરવા સ્નાતક અભ્યાસક્રમોમાં સેમેસ્ટર ૧ થી ૬ના યુનિવર્સિટી દ્વારા લેવાયેલ પરીક્ષા (થીએરી/ પ્રેકટીકલ/ યુનિવર્સિટીની કોઈ પણ પરીક્ષા) ના કુલ ગુણ તથા અનુસ્નાતક અભ્યાસક્રમોમાં સેમેસ્ટર ૧ થી ૪ના યુનિવર્સિટી દ્વારા લેવાયેલ પરીક્ષા (થીએરી/ પ્રેકટીકલ/ યુનિવર્સિટીની કોઈ પણ પરીક્ષા) ના કુલ ગુણ જ માન્ય રહેશે, આંતરિક ગુણ ગણતરીમાં લેવામાં આવશે નહી.

૪. બે વિદ્યાર્થીઓ જો પ્રથમ આવે તેવા કિસ્સામાં આવનાર વિદ્યાર્થીઓના યુનિવર્સિટી પરીક્ષાના કુલ ગુણ સરખા થાય તો તેના સંપૂર્ણ કુલ ગુણ (યુનિવર્સિટી + કોલેજ/ડીપાર્ટમેન્ટ આંતરિક ગુણ)ને આધારે ક્રમ નકકી કરવાનો રહેશે.

૫. પ્રથમ આવનાર વિદ્યાર્થીની યુનિવર્સિટી પરીક્ષાના તમામ સેમેસ્ટરના કુલ ગુણની ટકાવારી ૬૦%થી વધારે હોવી જોઈએ.

૬. પ્રથમ આવનાર વિદ્યાર્થીને કોઈ પણ પ્રકારના ઓર્ડીનન્સનો લાભ મળવાપાત્ર થશે નહી.

૭. વિદ્યાર્થી કોઈ પણ સેમેસ્ટરમાં (U.G.૧ થી ૬, P.G.૧થી ૪) રીપીટર ન હોવો જોઈએ.

## ગોલ્ડ મેડલ દાન આપતા દાતાશ્રીઓ માટેના નિયમોની ભલામણ સમિતિ નીચે પ્રમાણે ભલામણ કરે છે.

૧. દરેક દાતાશ્રીએ રૂ. ૨, ૦૦,૦૦૦/– (અંકે રૂપિયા બે લાખ પૂરા) નું દાન આપવાનું રહેશે. આપેલ દાનના વ્યાજની રકમમાંથી દાતાશ્રીના નામે તે ગોલ્ડ મેડલ એનાયત કરવામાં આવશે. મુખ્ય દાતાશ્રીનું નામ ગોલડમેડલ પર લખવામાં આવશે અથવા દાતાશ્રી સૂચવે તે નામ ગોલ્ડ મેડલ પર લખવામાં આવશે.

- હિન્દી, ગુજરાતી, ગણિત, રસાયણશાસ્ત્ર વગેરે વિષયવાર સુવર્ણચંદ્રકમાં દાનની રકમ રૂા. ૨,૦૦,૦૦૦/– (બે લાખ) રાખવી. પરંતુ જેમણે અગાઉ આ બાબતે ૧,૫૦,૦૦૦/– (દોઢ લાખ) આપેલ છે, તે સ્વીકારવા, જેમને હાલ પૂર્તતા કરવા ન જણાવવું.

૨. વ્યાજની રકમ કરતાં જો ગોલ્ડ મેડલ બનાવવાની કિંમત વધુ થશે તેવા સંયોગોમાં ૨૫% સુધીની રકમ યુનિવર્સિટી સ્વભંડોળમાંથી ભોગવશે. ૨૫% થી વધુ થાય તે સમયે તે દાતા પરિવારનો સંપર્ક કરી જે તે સમયની મેડલની કિંમત વ્યાજમાંથી થઈ શકે, તેટલો દાનની રકમમાં ઉમેરો કરવા યુનિવર્સિટીએ વિનંતી કરવાની રહેશે. દાતાશ્રીનો પરિવાર આ બાબતમાં સહમત ન થાય, ત્યારે જે તે સમયે EC નકકી કરે તે રકમ મેળવવા અન્ય દાતાશ્રી માટે જાહેરાત આપવાની રહેશે.

૩. ગોલ્ડ મેડલ સંદર્ભે મળેલ દાનની રકમ દાતાશ્રી અથવા દાતા પરિવાર યુનિવર્સિટી પાસેથી પરત મેળવી શકશે નહિ.

૪. દાતાશ્રી તરફથી રકમમાં ગોલ્ડમેડલની રકમ કરતાં ૭૫ % થી ઓછું વ્યાજ થાય તે સ્થિતિમાં, દાતા પરિવાર તરફથી જરૂરિયાત પ્રમાણેનું ભંડોળ ઉમેરવામાં ન આવે ત્યારે, તે મુદલના વ્યાજનો ઉપયોગ યુનિવર્સિટી દ્વારા શૈક્ષણિક પ્રવૃત્તિમાં કરવાનો રહેશે. પ્રવૃતિ જે તે દાતાશ્રીના નામથી કરવાની રહેશે જેનું આયોજન સંપૂર્ણપણે યુનિવર્સિટી મારફત કરવાનું રહેશે. મુદ્દલ રકમ યથાવત્ જાળવી રાખવાની રહેશે.

૫. ગોલ્ડ મેડલ ફેકલ્ટીવાઈઝ પ્રથમ આવનારને આપવામાં આવે છે. સર્વપ્રથમ ફેકલ્ટી પ્રમાણે દાતાશ્રી પાસેથી રકમ સ્વીકારવી. દાતાશ્રી ઈચ્છે તો તેટલી જ રકમનો મેડલ કોર્સવાઈઝ (સંસ્કૃત, ગુજરાતી, રસાયણશાસ્ત્ર વગેરેમાં) પણ આપી શકે.

૬. જો કોઈ પણ અનિવાર્ય સંજોગો કે પરિસ્થિતિને કારણે કોઈ વર્ષે યુનિવર્સિટી પદવીદાન સમારોહનું આયોજન ન કરી શકે તો ત્યાર પછીના પદવીદાન સમારોહમાં આગળના વર્ષના બાકી રહેલા ગોલ્ડ મેડલ એનાયત કરવાના રહેશે.

૭. ફેકલ્ટીના ગોલ્ડમેડલ દરેક વિદ્યાર્થીને ઓછામાં ઓછા ૧૦૦ગ્રામની ચાંદી પર ગોલ્ડનું આવરણ ચડાવેલ ગોલ્ડ મેડલ આપવામાં આવશે.

૮. વિષય પ્રમાણેનો ગોલ્ડ મેડલ, ૮૦ ગ્રામ ચાંદી પર ગોલ્ડનું આવરણ ચડાવેલ ગોલ્ડ મેડલ આપવામાં આવશે.

૯. દાતાશ્રી મારફતે મળેલ દાનની રકમનું રોકાણ કઈ રીતે કરવું તેનો અધિકાર યુનિવર્સિટી એક્ઝિક્યુટીવ કાઉન્સિલ પાસે રહેશે.

૧૦. દાતા પરિવારનો કાયમી નિમંત્રણ યાદીમાં સમાવેશ કરવો. તેઓને પદવીદાન સમારંભનું નિમંત્રણ અવશ્ય મોકલવું.

ક્રાંતિગુરુ શ્યામજી કૃષ્ણવર્મા

# કચ્છ યુનિવર્સિટી

યુનિવર્સિટી કેમ્પસ,
મુન્દ્રા રોડ ભૂજ–કચ્છ. ૩૭૦૦૦૧

ફોન.નં. 02832 235031
ફેક્ષ નં (02832) 235012

## સુવર્ણ ચંદ્રક દાતાશ્રીઓ માટેનું ફોર્મ

દાતાશ્રીનું નામ : ..............................................................

સરનામું : ..............................................................

..............................................................

..............................................................

રકમ રૂા........................ ચેક નં. : ........................................

મેડલ પર દર્શાવવાનું નામ : ..............................................................

..............................................................

..............................................................

ફેકલ્ટીનું નામ : ..............................................................

વિષયનું નામ : ..............................................................

આ સાથેના નિયમો મેં વાંચેલ છે જે મને ગ્રાહય છે.

દાતાશ્રીની સહી